ગાંધીનગર સમાચાર

સે-૨૮ થી ખ-૭ના માર્ગને ફોરલેન કરવાની યોજના ત્રણ વર્ષથી ખોરંભે

# પંચાયતોની બીજા તબક્કાની ચૂંટણી માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ

## ૮૬ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીઓ યોજાશે : બીજા તબક્કાની ચૂંટણી માટે મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ ૨૮મીએ થશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની ૮૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ અને પંચાયતોની પેટા ચૂંટણીઓ યોજવા અંગેની કવાયત હાથ ધરી છે.

જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૯૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવી હતી. આ સામાન્ય ચૂંટણીઓમાં ખાલી રહેલા વોર્ડની પેટા ચૂંટણીઓ માટેની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. તો ૮૬ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ પણ આગામી બે માસમાં આવી રહી છે. આમ સામાન્ય અને પેટા-ચૂંટણીઓ એક સાથે યોજવા માટેની તૈયારીઓ હાથ ધરાઈ છે.

ગ્રામ પંચાયતોના નવા સીમાંકન જાહેર થઈ ગયા છે. આ ઉપરાંત ૧-૧-૧૭ની સ્થિતિએ મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે અને હવે ૨૮મી ફેબ્રુઆરીએ આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે.

મળતા નિર્દેશો મુજબ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ બાદ મતદાર યાદીની સુધારણા માટેનો કાર્યક્રમ જાહેર થશે અને માર્ચના અંતમાં આ સામાન્ય

● અનુસંધાન પાન-૭ પર



સર્કલ પર ફેન્સીંગ - ઘ-૪ સર્કલ આસપાસના આર્યલેન્ડમાં હરિયાળી તથા નાના-નાના ફૂલ-છોડના રક્ષણ માટે ફેન્સીંગ કરાઈ રહી છે... રખડતા ઢોર ગાંધીનગરના અનેક બગીચાઓ અને સર્કલો પર ભેલાણ કરે છે... નગરના બ્યુટીફિકેશનમાં રખડતા ઢોરનો મુદ્દો વિલનની ભૂમિકામાં છે... નગરના હાર્દસમા ઘ-૪ સર્કલ પર તંત્ર દ્વારા સર્કલના બ્યુટીફિકેશન માટે ફેન્સીંગની કામગીરી આરંભાઈ છે...

# આમ આદમી પાર્ટીની મહિલાઓ આજે મુખ્યમંત્રી નિવાસસ્થાનનો ઘેરાવ કરશે

## મંજુરી ન મળતાં મહિલા કાર્યકરોને સ્થળ પર પહોંચે તે પહેલા જ ડીટેઈન કરી લેવાશે : અક્ષરધામથી મંત્રી વિસ્તાર સુધી સવારથી મહિલા પોલીસ ખડકી દેવાશે

ગાંધીનગર, તા. ૧૧

નલિયા કાંડના સમગ્ર રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે ત્યારે આ કાંડમાં ભોગ બનનાર પિડીતાને ઝડપી ન્યાય મળે અને આરોપીઓને ઝડપી સજા મળે તે માંગ સાથે આમ આદમી પાર્ટીની મહિલા વીંગ દ્વારા રવિવારે બપોરે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિવાસસ્થાનનો ઘેરાવ કરવામાં આવશે. કાર્યક્રમની મંજુરી ન મળી હોવા છતાં યોજાનાર વિરોધ કાર્યક્રમને નિષ્ફળ બનાવવા પોલીસ સવારથી જ અક્ષરધામથી મંત્રી નિવાસસ્થાન વચ્ચે સ્ટેન્ડ ટુ કરી દેવાશે. જે બંદોબસ્તમાં મહિલા પોલીસને વધુ મુકવામાં આવી છે.

નલિયા દુષ્કર્મ કાંડમાં ભાજપના નેતાના નામ ખુલતા

● અનુસંધાન પાન-૭ પર


### ગૂજરાત વિદ્યાપીઠ

ભંગારનો વેપાર કરતા તમામ વેપારીઓને જણાવવાનું કે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત માઈક્રોબાયોલૉજી વિભાગ, સાદરામાં આવેલી પેપર મિલમાં પેપર બનાવવા માટેની મશીનરી ફિટ કરેલી છે તેને જે તે હાલતમાં ને સ્થિતિમાં સાદરામાંથી વેચવાની છે તો રસ ધરાવતા વેપારીઓએ પોતાનો ભાવ બંધ (સીલ) કવરમાં કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના નામે મોકલવા વિનંતી છે. ભાવ મોકલવાની છેલ્લી તા. ૨૦/૦૨/૨૦૧૭ છે.

તા. ૧૧/૦૨/૨૦૧૭ કુલસચિવ


# સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરલેન બનાવાની યોજના પણ અભેરાઈએ

## સેકટરોના આંતરિક માર્ગો પર મોટામસ ગાબડા : એપ્રોચ માર્ગ માટે પણ ત્રણવાર દરખાસ્ત કરાઇ પણ નિર્ણય ન લેવાયો

ગાંધીનગર તા ૧૧

શહેરના સેકટરોના એપ્રોચ ફોરલેન બનાવાની દરખાસ્ત સંદર્ભે છેલ્લા ત્રણ વર્ષથી કોઇ નિર્ણય લેવાયો નથી. હાલની સ્થિતિએ સેકટરોના આંતરિક માર્ગો પણ બિસ્માર હાલતમાં છે. જયારે સેકટરોમાં વધતા જતા ટ્રાફિકની સાથે સેકટરોના આંતરિક માર્ગોના એપ્રોચ પર માર્ગ સલામતીના પરિબળો ચકાસવાની અનિવાર્યતા ઉભી થઇ છે. જયારે માર્ગો આસપાસ સ્થિત ફુટપાથનુ પણ એપ્રોચના આયોજનને ધ્યાને રાખી નિર્માણ કરાયુ છે. સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન કરવા માટે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ થાય તેમ છે.

નગરના મુખ્યમાર્ગો સાથે

● અનુસંધાન પાન-૭ પર

# ઠંડા પવનો બંધ થતાં ઠંડીમાં રાહત

ગાંધીનગર, તા. ૧૧

ત્રણ-ચાર દિવસ અગાઉ અચાનક જ વધી ગયેલી ઠંડી આજે સાવ ઓછી થઈ ગઈ હતી. લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિ.સે. પહોંચતા ઠંડીમાં ખુબ રાહત મળી છે.

ફેબ્રુઆરીના પ્રારંભે અચાનક જ લગુત્તમ તાપમાન ૭ ડિગ્રીની નજીક પહોંચતા વસાહતીઓએ હાડ થીજવતી ઠંડીનો અનુભવ થયો હતો. આ સાથે જ ઠંડા પવનો ફુંકાતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા. ઠંડીની જનજીવન પર ઘેરી અસર જોવા મળી હતી. જો કે છેલ્લા બે દિવસથી ઠંડી ધીમે ધીમે ઘટી રહી છે. લઘુત્તમ તાપમાન હવે ૧૬.૨ ડિ.સે. સુધી પહોંચી ગયું છે. જેના કારણે ઠંડીમાં ઘણી રાહત મળી છે. મહત્તમ તાપમાન પણ ૨૮.૮ ડિ.સે. નોંધાતા આહલાદક વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે.






# સે-૨૮ થી ખ-૭ના માર્ગને ફોરલેન કરવાની યોજના ત્રણ વર્ષથી ખોરંભે


## એન્જિનિયરીંગ કોલેજ સહીત અન્ય સંસ્થાઓ પણ રૂટમાં આવતી હોવાના લીધે ટ્રાફિકની સમસ્યા વધી છે

ગાંધીનગર તા ૧૧

ખ-૭ થી જી ઈ બી તરફ જવાના માર્ગને ફોરલેન બનાવાનુ આયોજન વિસરાઈ ગયુ છે. અગાઉ સે-૨૮ સ્થિત એન્જિનિયરીંગ કોલેજ સહીત આ રૂટમાં આવેલ અન્ય સંસ્થાઓને ધ્યાને લઈ આ માર્ગને ફોરલેન બનાવાનુ આયોજન વિચારણા હેઠળ હતુ. વિદ્યાર્થીઓની વિશેષ અવરજવરને ધ્યાને લઈ આ માર્ગ ટ્રાફિકનુ ભારણ વધતા માર્ગને ફોરલેન બનાવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરનુ રોડ નેટવર્ક અંદાજિત ૬૧૩ કીલોમીટરનુ છે. જેમાં શહેરના મુખ્ય સાત ઉભા અને આડા રસ્તા સહીત સેકટરોના રીંગ રોડ અને આંતરિક રસ્તાઓનો પણ સમાવેશ થાય છે. જયારે વર્ષોના અંતે નગરના મુખ્ય માર્ગોનુ રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવ્યુ છે. પરંતુ સેકટરોને જોડતા એપ્રોચ તેમજ વિકાસના અંતે ટ્રાફિકની દ્રષ્ટીએ મહત્વના બનતા માર્ગોને અપગ્રેડ કરવાની યોજના હજુ પુર્ણ રૂપે હાથ ધરાઈ નથી. શહેરમાં માર્ગોની સુધારણા તેમજ નવિનીકરણ પાછળ વર્ષ દરમિયાન કરોડો રૂપિયનો ખર્ચ કરવામાં આવે છે. ત્યારે સેકટરોને જોડતા એપ્રોચ અને સંસ્થાકીય જોડાણને ધ્યાને લઈ અન્ય માર્ગોને પણ માર્ગ સલામતીની દ્રષ્ટીએ યોગ્ય કરવા સુર ઉઠવા પામ્યો છે. હાલ તો નગરના આંતરિક માર્ગોનુ પણ ઠેકાણુ નથી. પરંતુ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન નગરના માર્ગો તેમજ

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com